INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૧૩-૦૯-૨૦૨૩

રાજસ્થાન-ભરતપુર પાસે ગંભિર અકસ્માતમાં ભાવનગર ના 11 શ્રદ્ધાળુઓના મૃત્યુ થયાના અને ઘાયલ થયાના દુઃખદ સમાચાર મળતા જ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે રાજસ્થાનના મુખ્યમંત્રીશ્રી અશોક ગેહલોતજી સાથે તાત્કાલીક સંપર્ક કરીને ઈજા પામનાર ગુજરાતીઓને પુરતી સારવાર મળે અને જરૂરી વ્યવસ્થા કરવામાં આવે તેવી વિનંતી કરી હતી. જે અંગે રાજસ્થાનના મુખ્યંમત્રીશ્રી અશોક ગેહલોતજીએ તાત્કાલીક હોસ્પિટલ સત્તાવાળાઓને સુચના આપી હતી.

ભાવનગરથી મથુરા જતા શ્રદ્ધાળુઓનાં રાજસ્થાનનાં ભરતપુર પાસે થયેલ ગમખ્વાર અકસ્માતમાં ૧૧ જેટલા ગુજરાતીઓનાં મોતના સમાચાર અત્યંત દુઃખદ છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રદેશ પ્રમુખશ્રી અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલ મૃતકનાં પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. ઈશ્વર તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે, આ મુશ્કેલ સમયમાં તેમના પરિવાર અને પ્રિયજનો ને આ દુઃખ સહન કરવાની શક્તિ મળે તે માટે પ્રાર્થના અને અકસ્માતમાં ઘાયલ સૌ સત્વરે સાજા થાય તેવી પ્રાર્થના.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા